# કોઈના પર તો ભરોસો મુકવાનો ને..

ફ્રેન્કલી સ્પીકીંગ

વર્ષા પાઠક



આ જે જેની વાત કહેવી છે એને અહીં રાશિના નામે ઓળખશું. મુંબઈમાં જન્મેલી અને સંયુક્ત પરિવારમાં ઉછરેલી રાશિ સાવ પાગલ નથી પણ ઘણીવાર પાગલ જેવું વર્તન કરી બેસે છે. એ નાની હતી ત્યારે આવું વર્તન કરનાર બાળકને ડૉક્ટર, મનોચિકિત્સક પાસે લઇ જવી જોઈએ એવી સમજ ઘરના લોકોમાં નહોતી. જિદ્દી, ઝઘડાખોર, શંકાશીલ સ્વભાવ ધરાવતી રાશિ ભણવામાં હોંશિયાર હતી, દેખાવે સુંદર અને ભાઈબહેનોમાં સહુથી નાની. વળી દાદીમાની સહુથી વધુ લાડકી એટલે એના સ્વભાવમાં રહેલી વિચિત્રતા તરફ દુર્લક્ષ્ય થયું.

રાશિ અઢાર વર્ષની થઇ ત્યાં એના લગ્ન કરી દેવાયા પણ થોડા જ સમયમાં પતિના પરિવાર સાથે સમસ્યા ખડી થવા લાગી. રાશિએ એકવાર ભયાનક ગુસ્સામાં આવીને ઘરની અંદર તોડફોડ કરી, પરિવારના સભ્યોને મારવા દોડી ત્યારે સામેવાળાને પરિસ્થિતિની ગંભીરતા સમજાઈ. ડોક્ટરને કન્સલ્ટ કરાયા, જરૂરી તબીબી પરીક્ષણો થયા અને છેવટે રાશિને સ્કિઝોફ્રેનિયા તરીકે ઓળખાતી માનસિક બીમારી હોવાનું નિદાન થયું. મેડિકલ ટ્રીટમેન્ટ શરુ થઇ પણ એ પછી લગ્ન વધુ ટક્યા નહિ. રાશિ એના માબાપ પાસે પાછી આવી ગઈ. આપણે ત્યાં ઘણીવારડિવોર્સ કે પતિના મૃત્યુ બાદ પિયર પાછી આવેલી સ્ત્રીની સાથે જાણે એ માબાપ અને ભાઈભાભી પર બોજ હોય એવી વર્તણુંક થાય છે. સદ્નસીબે રાશિ સાથે આવું થયું નહિ. એની સારવાર ચાલુ રહી અને મોટાભાઈના આગ્રહથી એણે આગળ ભણવાનું શરુ કર્યું. માનસિક બિમારી એના એજ્યુકેશનની આડે નહોતી આવી.

ભણવાનું પૂરું થયું એ જ અરસામાં રાશિ એક પુરુષના પરિચયમાં આવી, અને પ્રેમમાં પડી ગઈ. રાશિની બિમારી વિષે જાણ્યા પછીયે પેલાએ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો અને બધાં ખુશ થઇ ગયાં. સામેવાળો સુશિક્ષિત હતો, સરકારી નોકરીમાં સારો પગાર મેળવતો હતો. એની દાનતમાં શંકા કરવાને કોઈ કારણ નહોતું. ઉલટું બધાંએ માની લીધું કે એનો પ્રેમ રાશિ માટે સહુથી મોટી દવાની ગરજ સારશે. અને એવું થતું લાગ્યું પણ ખરું. મુંબઈથી થોડે દૂર થાણેમાં રાશિએ એના પતિ સાથે નવો સંસાર માંડી દીધો. ભાડેથી ઓફિસ લઈને કન્સલ્ટન્ટ તરીકે કામ પણ શરુ કરી દીધું. એ કયા ક્ષેત્રમાં કન્સલ્ટન્સી કરતી હતી, રાધર કરે છે, એ અહીં જાહેર કરીને એની કારકિર્દીને નુકસાન કરવું નથી. માત્ર એટલું કહેવું પૂરતું છે કે એનું કામ બહુ સારું ચાલે છે અને પૈસા પણ બહુ સારા કમાય છે. લાગતું હતું કે રાશિની જિંદગીમાં બધું ઠીકઠાક થઇ ગયું. પિયરમાં એનીઅવરજવર ઓછી થઇ ગઈ, ફોનકૉલ્સ પણ અનિયમિત થઇ ગયા, ત્યારે સહુએ માની લીધું કે દીકરી એના ઘરમાં, કરિયરમાં વ્યસ્ત થઇ ગઈ છે. સાચું પૂછો તો એમણે કદાચ રાહતનો શ્વાસ પણ ખેંચ્યો હશે કે રાશિ ઠેકાણે પડી ગઈ, અને હવે કોઈએ એની ચિંતા કરવાની જરૂર નથી. પણ ત્રણેક વર્ષ પછી રાશિને કારણે પરિવારમાં જુદા પ્રકારની, બહુ મોટી ચિંતા ખડી થઇ ગઈ.

> **આપણે ત્યાં એક કહેવત છે કે વિશ્વાસે વહાણ ચાલે. કોઈને કોઈ પર ભરોસો મૂકયા વિના જીવવાનું લગભગ અશકય થઇ પડે. અને, ઘરનાં માણસ પરનહિ તો બીજા કોના પર ભરોસો રાખી શકો? અને એક સ્ત્રી માટે એના પતિથી વધુ વિશ્વસનીય વ્યકિત બીજી કોણ હોઈ શકે? એ વાત અલગ છે કે અનેક પતિઓ એમનામાં મૂકાયેલો વિશ્વાસ તોડે છે.**

પિતાના મૃત્યુ પછી ત્રણ ભાઈઓએ બાપીકી માલમિલકતની વહેંચણી કરવાનું નક્કી કર્યું. વર્ષો જૂની દુકાન, મોટું ઘર વગેરેમાં કોને કેટલો હિસ્સો મળશે એની વાત થતી હતી ત્યાં રાશિએ આવીને પોતાનો હિસ્સો માંગ્યો. હવે એ કિસ્સામાં કોણ કેટલા અંશે સાચું, કે ખોટું એ આપણે નથી જાણતાં, પણ ભાઈબહેનોમાં મોટા ઝઘડાં થઇ ગયા. રાશિએ ભાઈઓની વિરુદ્ધ કોર્ટમાં કેસ માંડી દીધો. સહુથી મોટી બહેને સમાધાન કરાવવાની કોશિશ કરી તો રાશિએ એને પણ પોતાના દુશ્મનોના લિસ્ટમાં સામેલ કરી દીધી. ચારેક વર્ષ લડાઈ ચાલી. નછૂટકે ભાઈઓએ બહેન સાથે આઉટ ઑફ કોર્ટ સેટલમેન્ટ કરવું પડ્યું પણ એકમેક સાથે બોલવાનો વ્યવહાર પણ ન રહ્યો. એ દરમ્યાન અને પછી પણ પિયરમાં ઘણાં સારાંમાઠાં પ્રસંગ બની ગયાં, પરંતુ રાશિએ એકેયમાં હાજરી ન આપી. માતા ગુજરી ગઈ પછી તો ભાઈભાભીઓએ રાશિનુંઅસ્તિત્વ જ વિસારે પાડી દીધું. બહેન સાથે પણ નામપૂરતો સંબંધ રહેલો.

આ વાતને પાંચથી વધુ વર્ષ થઇ ગયા, અને એક દિવસ અચાનક રાશિ મોટી બેગ લઈને એની બહેનને ત્યાં પ્રગટી. બેગમાં કપડાં નહિ, જુદીજુદી બેન્કની પાસબુકસથી માંડીને કોઈ જમીનના ખરીદવેચાણના ડોક્યુમેન્ટ્સ સહિતનાં કાગળ હતા.' મને લાગે છે કે મારો હસબન્ડ મારી સાથે ચીટિંગ કરે છે'રાશિએ ફરિયાદ માંડી. પતિની ગેરહાજરીમાં ઘરની અંદર જેટલા કાગળિયાં હાથમાં આવ્યાં એ લઈને રાશિ આવી ગયેલી. ભલે વર્ષોથી દૂર થઈ ગઈ હોય પણ આખરે બહેન હતી. મોટીબહેને એના હસબન્ડ સાથે મળીને બધું તપાસ્યું. ગરબડ લાગી તો થોડે દૂર રહેતી વિધવા ભાભી અને એના દીકરાને બોલાવ્યા. તારણ નીકળ્યું કે દાળમાં ખરેખર કાળું હતું. રાશિ સાથે પતિનું જોઈન્ટ અકાઉન્ટ હતું પણ એમાં પૈસા જમા થતાની સાથે ઉપડી જતા હતા અને બીજા અકાઉન્ટ્સમાં જમા થતા હતાં જેમાં માત્ર પતિનું નામ હતું. એફડી પણ માત્ર પતિના નામે હતી.

શાણો માણસ પોતાની બદમાશીના પુરાવા જેવા કાગળિયાં બેન્કના લોકરમાં કે ઘરની અંદર પણ એવી રીતે રાખે કે પત્નીના હાથમાં ન આવે. પણ અહીં પતિ ઓવરકૉન્ફિડન્સમાં રહી ગયો. એણે માની લીધેલું કે પત્નીમાં અક્કલ નથી એ ક્યાંય જવાની નથી. એટલે એણેકબાટ ખુલ્લા રાખ્યાં. આવું ધારવા માટે રાશિએ જોકે પૂરતાં કારણો પણ આપેલાં. એની પોતાની મોટાભાગની કમાણી રોકડમાં હતી, જે એ પતિના હાથમાં આપતી હતી. પેલો કહે ત્યાં સહી કરી આપતી હતી. રાશિ માનતી હતી કે પ્રેમાળ પતિ એને તણાવમુક્ત રાખતો હતો. છેલ્લા દોઢેક વર્ષથી એણે સાઈકિયાટ્રિસ્ટ પાસે જવાનું પણ બંધ કરી દીધેલું. પતિની સલાહ પ્રમાણે એ મગજ શાંત રાખવાની, ઊંઘવા માટેની કોઈ આયુર્વેદિક ગણાતી દવા લેતી હતી. ઘણા સમયથી પતિ સાથે ઝઘડા વધવા લાગેલા. એક દિવસ બહુ ગુસ્સો આવ્યો તો બેગ ભરીને બહેનને ત્યાં આવી ગઈ અને પેલાનો ભાંડો ફૂટ્યો. હવે બધાંને લાગે છે કે ભાઈઓ પર કેસ કરવા માટે પણ પતિએ જ એને ઉકસાવી હશે. 'અરે પણ તું આટલી ભણી છે, આટલું કમાતી હતી તો પૈસાનો કોઈ હિસાબ જ ન રાખ્યો? હસબન્ડને કોઈવાર કઈ પૂછ્યું સુધ્ધાં નહિ?' પોતાની ભાભીને ત્યાં આવેલી રાશિને હું મળી, ત્યારે મારાથી પુછાઈ ગયું. અને ત્યારે રાશિએ સહજભાવે જે જવાબ આપ્યો એ સાંભળ્યા પછી સામી દલીલ કરવાની હિંમ્મત ન ચાલી મારા હસબન્ડ પર નહિ તો બીજા કોના પર ભરોસો કરું?

આપણે ત્યાં એક કહેવત છે કે વિશ્વાસે વહાણ ચાલે. કોઈને કોઈ પર ભરોસો મૂક્યા વિના જીવવાનું લગભગ અશક્ય થઇ પડે. અને, ઘરનાં માણસ પરનહિ તો બીજા કોના પર ભરોસો રાખી શકો? અને એક સ્ત્રી માટે એના પતિથી વધુ વિશ્વસનીય વ્યક્તિ બીજી કોણ હોઈ શકે? એ વાત અલગ છે કે અનેક પતિઓ એમનામાં મૂકાયેલો વિશ્વાસ તોડે છે. પણ મોટાભાગના કિસ્સામાં પૈસા સહિતની લગભગ દરેક બાબતમાં બાબતમાં પરિણીત સ્ત્રીઓ સહુથી વધુ ભરોસો એમના પતિ પર રાખે છે.

અને રાશિ જેવી ડામાડોળ દિમાગી હાલત ધરાવતી સ્ત્રી આવું માની લે, તો એમાં એનો શું વાંક? અત્યારે એના ભાઈભાભીઓ કહે છે કે, પતિની ચઢામણીથી જ રાશિએ પિયર સાથે સંબંધ તોડી નાખ્યા, કોર્ટકેસીસ કર્યાં વગેરે. અહીં એમની ટીકા નથી કરવી, પણ એવો સવાલ તો ઉપજે કે, રાશિની માનસિક બિમારીથી એ સૌ વાકેફ હતાં, તો એણે આ બધું કર્યું ત્યારે એ લોકોને એવો વિચાર સુદ્ધાં નહિ આવ્યો હોય કે દિમાગથી બિમાર વ્યક્તિ પાસે કોઈ આવું કરાવી રહ્યું છે?

આવી છોકરીને પરણાવી દીધી એટલે પછી બધી જવાબદારી એના પતિની, એવું કહીને હાથ ખંખેરી નાખવાના? ભાઈઓને પોલીસ ચોકી અને અદાલતમાં ઘસડી જનારી, જાહેરમાં ઝઘડા કરનારી બહેન માટે ભાઈભાભીઓને બહુ પ્રેમ ન ઉપજે કે સામે ચાલીને સંબંધ જાળવી રાખવાનો ઉત્સાહ ન જાગે એ સમજી શકાય. પણ રાશિ જેવી બહેન આવું કરે તો એના પતિની દાનત પર શંકા તો જાગવી જોઈએ.ખેર,અત્યારે તો સહુ ભૂતકાળ ભૂલાવીને રાશિની પડખે ઊભાં છે. પણ રાશિએ હવે કોનો ભરોસો કરવો જોઈએ?